## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*કર્યા કરે કચરો કોઈ સફાઈમાં માને છે ક્યાં ?*
*ફર્યા કરે દારૂ, ઢીંચનારા કાયદા માને છે ક્યાં ?*
*માને છે ક્યાં કોઈ ચાલક - બેફામ દોડે વાહનો...*
*ને વિદાય દીધા પછી પણ ચોમાસું માને છે ક્યાં ?*

હાઈકુ

*કોઈ કોઈનું -*
*નમ્રતાથી સન્માન -*
*સાચવે છે ક્યાં ?*

*માનતું નથી -*
*હવે, કોઈ, કોઈનું -*
*સાંભળે છે ક્યાં ?*

### ચિંતન

***રાજૂકિ રહઈ નીતિ બિનુજાને, અધકિ હરિ ચરિત બખાને ।***
***ભવ કિ પરહિ પરમાત્મા બિંદક સુખી કિ હોહિં કબહું હરિ નિદક ॥***

**ઉપરોક્ત સાખી રામચરિત માનસમાંથી લેવામાં આવેલ છે.**

**તુલસીદાસ નીતિના પાઠ ભણાવતા કહે છે કે રાજા, નેતાઓ, રાજકારણીઓ નીતિવાન હોવા જોઈએ. જે ધર્મજ્ઞ હોય તે જ નીતિવાન હોય, અગુંઠાછાપ, હથિયાર એ જ જેનો આધાર છે. એવા 'મસલમેનો' ને નીતિ સાથે નાહવા-નિચોવાનો પણ સંબંધ કયાંથી હોય ? અને જે નીતિ જાણતો નથી તેનું રાજ નભે ક્યાંથી ?**

**જે પ્રભુ ભક્તિમાં લીન રહે છે તેને પાપનો કે અન્ય વિચાર કરવાનો સમય જ કયાં મળે ?**

**જે પરમાત્માને જાણી ચૂક્યો છે તે સંસારના બધા જ દૂષણોને સારી રીતે સમજે છે આથી એ રંગાતો નથી ને એનાથી દૂર રહે છે. પરમ જ્ઞાની સંસારથી દૂર જ રહે છે.**

**સંસારીઓનો સ્વભાવ ટીકા, ખોદણીમાંથી આનંદ પ્રાપ્ત કરવાનો છે આથી બને ત્યાં સુધી તટસ્થ રહેવું. અભિપ્રાય આપવો નહિં કે અભિપ્રાય મનમાં બાંધવો નહીં. દાસી જીવણે કહ્યું છે કે ભક્તિ કરવી હોય એણે રાંક થઈ રહેવું, કોઈને કંઈ જ ન કહેવું.**

### સુવિચાર

- દુષ્ટોને મૃત્યુદંડની સજા ફરમાવવી એ ખેતરમાંથી ઘાસને ઉખાડીને બહાર ફેંકી દેવા સમાન છે - **બોધિવૃક્ષ**
- તે ગીતનું શું મહત્ત્વ છે જો તે ગાવામાં ન આવે તો અને તે આંખનું શું મહત્ત્વ છે જે પ્રેમ દર્શાવતી ન હોય ? - **ઓશો**
- હાથી પોતાના પર આક્રમણ કરવા તૈયાર થયેલા સિંહને જુએ છે ત્યારે તેનું હૃદય જ બેસી જાય, કહો, આટલા મોટા શરીર અને તેના લાંબા દાંત શા કામનાં ? - **અખંડ આનંદ**
- ભાગ્ય ભલેને ઊંધું હોય તો પણ ઉદ્યોગ શ્રમનું ફળ આપ્યા સિવાય રહેતો નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- ધનસંપત્તિ, ઉપજાઉ જમીન, પ્રજાનું સુખ, નીરોગિતા, શત્રુઓના આક્રમણથી સુરક્ષા - આ પાંચ રાષ્ટ્ર માટે આભૂષણરૂપ છે - **લાલબહાદુર શાસ્ત્રી**
- આળસરૂપી અપવિત્ર પવનના ઝપાટા દેશની અખંડ જયોતિને બુઝાવી નાખે છે - **આચાર્ય વિજયરત્ન સુંદરસૂરિ**
- આજનું ઔષધ : લવિંગના તેલના ત્રણ ટીપા ખાંડ સાથે આપવાથી ઉલ્ટી બંધ થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જાપાની ભાષામાં બૌદ્ધ ધર્મસૂત્રને પુસ્તકરૂપે છપાવવા માટે એક વિદ્વાન સંતે તેત્સુઝેને આ પ્રકાશનનો નિર્ણય લીધો. એમની પાસે તો પૈસા ન હતા. આથી તેમણે લોકો પાસેથી દાન માંગવાનું શરૂ કર્યું. દસેક વર્ષ દરમિયાન એટલા પૈસા ભેગા થઈ શક્યા કે હવે ગ્રંથ આસાથી પ્રકાશિત થઈ શકે. આ વખતે જ તેમના વિસ્તારમાં વિનાશક પૂર આવ્યું. લોકો બેઘર થઈ ગયા. તેત્સુઝેને ઉદારતા દેખાડતાં દાનમાં મળેલા તમામ પૈસા પૂરપીડિતોની સહાતમાં ખર્ચી નાખ્યા. ત્યારબાદ પ્રકાશન માટે રકમ ભેગી થઈ. પરંતુ આ વખતે પણ જાપાનમાં મહામારી ફેલાઈ ગઈ અને તેમણે ફરીથી એકત્ર થયેલું ધન રોગીઓની સેવામાં ખર્ચી નાખ્યું. ત્રીજી વાર જયારે તેમણે પ્રકાશન માટે લોકો પાસે દાન માંગવાનું શરૂ કર્યું તો લોકો સંત ઉપર નારાજ થઈ ગયા. અને સૌ તેમને ખરી-ખોટી સંભળાવવા લાગ્યા. 'તમે પૈસા તો બૌદ્ધ ધર્મસૂત્ર ગ્રંથ છપાવવાના નામે લઈ જાવ છો, પરંતુ તે બીજા કોઈ કામમાં ખર્ચી નાખો છો.' સંત તેત્સુઝેને જવાબમાં કહ્યું, 'ગ્રંથ પ્રકાશનથી કયાંક વધુ શ્રેયસ્કર મરતા લોકોને બચાવવાનું કામ હોય છે.' સંતે લોકોને હાથ જોડીને કહ્યું, 'માણસે સૌથી પહેલા દેશના લોકો બાબતો ચિંતા કરવી જોઈએ, ધર્મની બાદમાં, કારણ કે જનમાનસ અને જનતા બચશે તો જ ધર્મનું અસ્તિત્વ રહેશે.' સંતની વાતો સાંભળીને લોકોને તેમની ઉદારતાનું ભાન થયું.

# મહા : શૂળીનો ઘા સોયથી ટળવાની હાશ

'શૂળીનો ઘા સોયથી ટળી ગયો... ગુજરાતને મોટી હાશ થઈ.... ગુજરાત માથેથી મોટી ઘાત ગઈ....' એવા ઉદ્ગારો ચોમેરથી સાંભળવા મળી રહ્યા છે.

વાત છે 'મહા' વાવાઝોડાની. તેનું જોર નબળું પડી ગયું છે એવા સમાચાર છે. અલબત્ત, તેની દિશા હજુ ગુજરાત તરફ જ છે એય સમાચાર તો છે જ.

અલબત્ત, આ વાવાઝોડું ડિસ્ટર્બન્સ સ્વરૂપે ગુજરાતને સ્પર્શ કરશે અને ગુજરાતમાંથી પસાર થશે ત્યારે ભારે વરસાદ વરસશે એવીય આગાહી તો કરાઈ જ રહી છે.

અગાઉ એવી આગાહી કરવામાં આવી હતી કે વાવાઝોડું ૬ નવેમ્બરની વહેલી સવાર સુધી પોતાનું રૌદ્ર સ્વરૂપ જાળવી રાખશે. ૭મી નવેમ્બરે સવારે ૫.૩૦ કલાકે ગુજરાતના દક્ષિણ વિસ્તારમાં વાવાઝોડું સ્પર્શ કરાશે.

અલબત્ત, આ સમયે વાવાઝોડાનું જોર ઓછું થઈ જશે અને તે માત્ર ડિપ્રેશનની સ્થિતિમાં જ અસ્તિત્વમાં હશે, પરંતુ તેમ છતાં તે સંપૂર્ણપણે નાશ પણ નહીં પામે. દક્ષિણ ગુજરાતથી આગળ વધીને મધ્યપ્રદેશ સુધી આ વાવાઝોડું પહોંચશે. વાવાઝોડું ગુજરાતને સ્પર્શે ત્યારે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ તથા ૧૦૦ કિમીની હદે પવન ફૂંકાશે એવી પણ આગાહી કરવામાં આવી હતી.

એ આગાહી સાચી પડી રહી હોય એમ જણાઈ રહ્યું છે. ભારે પવન તો ફુંકાઈ જ રહ્યો છે અને વરસાદ વરસે એવું વાતાવરણ પણ થયું જ છે. ખાસ કરીને દરયિકાંઠાના વિસ્તારોમાં તો આકાશ ગોરંભાયેલું જ જોવા મળી રહ્યું છે અને પવન પણ ઝડપથી ફુંકાઈ રહ્યો છે.

**તંત્રીસ્થાનેથી...**

ખરે જ મોટું નુકસાન કર્યા વિના કે જાનમાલની હાનિ કર્યા વિના આ વાવાઝોડું પસાર થઈ જશે તો તે વર્ષનું એવું ચોથું વાવાઝોડું બની જશે જે અરબી સમુદ્રમાંથી સર્જાયું હશે ને ગુજરાતને માથે ભય ઊભો કરીને નુકસાન કર્યા વિના આગળ વધી ગયું હશે. વાચકોને યાદ હશે કે આ એક જ વર્ષમાં અરબી સમુદ્રમાં ચાર તોફાનો આવ્યાં : વાયુ, હિકા, ક્યાર અને હવે મહા.

'મહા'નો હાઉ પણ જો કે ઘણો હતો, પરંતુ તે માત્ર હાઉ જ બનીને રહી ગયો છે એવું હાલ તો જણાઈ રહ્યું છે. જો કે તેમ છતાં વહીવટી તંત્ર સજ્જ છે અને નાગરિકોને પણ, ખાસ કરીને દરિયાકાંઠે વસતા નાગરિકોને સજ્જ રહેવાની સૂચના તંત્ર અને હવામાન નિષ્ણાતો દ્વારા આપવામાં આવી છે. કારણ કે વાવાઝોડું ગુજરાતને સ્પર્શે ત્યારે જ ખબર પડશે કે તેનું જોર કેટલું છે, કેટલી ઝડપે પવન ફૂંકાશે અને કેટલો વરસાદ પડશે.

હા, ટૅકનોલૉજીનો સહારો છે અને એના આધારે એમ કહી શકાય કે વાવાઝોડું નબળું પડી ગયું છે, નબળું પડી રહ્યું છે. પરંતુ એ પણ યાદ રાખવું જોઈએ કે વાવાઝોડું શમ્યું તો નથી જ. એનું અસ્તિત્વ તો હજુ છે જ અને એની દિશા પણ હજુ ગુજરાત તરફી છે. એણે હજુ દિશા નથી બદલી અને નબળું પડતાં પડતાંય ગુજરાત તરફ આગળ તો વધી જ રહ્યું છે.

'સારું થશે' એવી આશા અસ્થાને નથી, પરંતુ 'હવે કંઈ જ ખરાબ નહીં થાય' એમ માનીને બેદરકાર થઈ જવાનો કે વાવાઝોડાથી ધ્યાન હટાવવાનો પણ હજુ સમય આવ્યો નથી. કુદરત કે કિસ્મત જેને કહીએ છીએ એ હજુ ગુજરાત સાથે છે એવું માની લઈએ તોય સજ્જ તો રહેવું જ રહ્યું કારણ કે 'મહા' હજુ તો ગયું નથી ને 'બુલબુલ'ની આગાહી થઈ ગઈ છે. ગુજરાતની કિસ્મતમાં સજ્જ થઈને રહેવાનું જ લખ્યું છે !

# તમારી આટલી મદદ અને અહેસાનને હું જીંદગીભર નહીં ભૂલું...



નવાં કલેવર
નટવર હેડાઉ

'ઓહો, આટલો નાનો છોકરો કેટલું સરસ કામ કરે છે. દિવાળીના તહેવારમાં ઘરમાં દોડાદોડ કરી ઔને નાસ્તો - પાણી આવી રહ્યો છે. ચ્હા, કોફી પણ બનાવીને પીવડાવે છે. બજારમાંથી ચીજવસ્તુઓ પણ લઈ આવે છે.' શહેરમાંથી ગામડે તહેવારો કરવા આવેલ સ્વાતિ એ તેની સાસુને કહ્યું.

'ઓ તો આપણી નોકરાણી જાનકીનો દીકરો રમણ છે. ગયા મહિને તેનો બાપ સડક અકસ્માતમાં મરી ગયો. ડ્રાઈવીંગ કરતો હતો. ત્યારથી જાનકી હવે અહીં જ રહે છે અને આપણા ઘરનું કામ કરે છે. આ તહેવારમાં મદદરુપ થવા છોકરાને પણ રાખી લીધો છે. થોડા પૈસા આપી દઈશું. તેને એ બહાને મદદ મળી રહેશે.'

હવે તો સ્વાતિની નજર દિવાળીના તહેવારના ધુમધડાકા કરતાં રમણ પર વધુ રહેવા લાગી હતી. સ્વાતિ શહેરની એક મોટી કંપનીમાં કામ કરતી હતી. હાં તે અહીં તહેવાર ઉજવવાના બહાને રજાઓમાં હવાફેર કરવા આવી હતી. તે ન તો કોઈ સાથે વધુ વાતચીત કરતી કે ન કંઈ કામકાજ.

ઘરમાં પણ તેની સાસુ કે દેરાણી તેને કંઈ કામ ચીંધતા ન હતા. ઘરની સાફસૂફી અને દિવાળીનું કામ તો તહેવારો પહેલાં જ પડી ગયું હતું. સ્વાતિને ઘરના લોકો સાથે બેસી લપ્પન છપ્પન કરવી ગમતી નહીં. તે પોતાના સ્માર્ટફોનમાં વ્યસ્ત રહેતી હતી. તેના આ સ્વભાવને કારણે ઘરમાં પણ કોઈ તેને વતાવતું નહીં.

આજ વાસણ માંજતી વખતે જાનકી પાસે ખુશખુશાલ મલકતી સ્વાતિ જઈ ઊભી રહી. તેને જોઈ જાનકીએ કામ કરતાં કરતાં ઊંચું જોયું.

'જાનકી આ રમણ તારો દીકરો છે?'

'હાં, બહેન'

'તેને કોઈ સારી સ્કૂલમાં કેમ ભણાવતી નથી? કેવો હોંશિયાર છે.'

'બહેન, અમારાં એવા નસીબ કયાંથી ? સરકારી સ્કૂલમાં ભણે તોય ઘણું છે.'

આખો દિવસ નોકરી, ઘરનું કામકાજ, પતિ અને છોકરાંઓનું ધ્યાન રાખવાનું બધાંની જરૂરિયાતો પુરી કરવાની, થાક - ઘણી વખત ચીડ ચડી જતી. તેમાં સતત ગુંચવાયેલ રહેતી સ્વાતિ ને રમણ સહારો બની શકે તેની પ્રતીતિ થઈ. તેણે કહ્યું.

'જાનકી એવું ન થઈ શકે, તું રમણને અમારી સાથે શહેરમાં મોકલ. તેનેહું કોઈ સારી સ્કૂલમાં દાખલ કરી દઈશ.'

'ખરેખર, એવું હોય તો જરૂર મોકલું. તમારી આટલી મદદ અને અહેસાનને હું જીંદગીભર નહીં ભૂલું.'

'સારું તો બે દિવસમાં હું જવાની છું, તેને તૈયાર રાખજે.' આટલું કહેતાં સ્વાતિના રોમ રોમ પુલકિત થઈ ગઈ. આગળ કંઈ બોલી ન શકી.

# નૂતન વર્ષની ઉજવણી નિરસ અને ફિક્કી શા માટે રહી ?

આમ સરળ રીતે પણ વિચારતા રહીએ તો પણ એવો અંદાજ આવતો જ રહે છે કે જીવનમાંથી રસ-કસ-ઊર્જા જતા રહ્યા છે અને પૂરા વિશ્વમાં લોકો જીવન ઊચકીને જીવી રહ્યા છે! ભારતમાં ચોમાસું મોડું પડ્યું પણ વરસાદ ઘણો આવ્યો એટલે એવી આશા બંધાણી કે આ વર્ષ સોળ આની થયું પરંતુ કોઈ કુદરતની લીલાને જાણી શકે તેમ નથી. નવરાત્રી બાદ દિવાળીના શુભ દિવસો વિત્યા ત્યારે પણ સમુદ્રમાંથી ઉપરાઉપરી બે બે વાવાઝોડા સક્રિય થયા કયાર અને તે પછી મહા એટલે જે કંઈ કૃષિ ઉત્પાદન તૈયાર થયા તેને વરસાદે તબાહીમાં ડૂબાડી દીધાં. મગફળી અને કપાસના પાકમાં ખુબ જ નુકસાની આવી પડી બસ, આ કારણે નવા વરસે રામ રામ પ્રેમથી કહેવાની જગ્યાએ 'હે રામ આ શું થઈ રહ્યું છે ?' - ની દ્વિધામાં ખેડૂત અને ગ્રામ્ય સમાજ હતાશામાં જતો રહ્યો તેથી દિવાળી મહદંશે નિરસ થઈ ગઈ.... આપણે હજી કૃષિપ્રધાન રાષ્ટ્ર છીએ. બીજી તરફ શહેરી વિસ્તારોમાં છેક છેલ્લા દિવસોમાં થોડી ઘણી ખરીદી થઈ પણ વેપાર ધંધામાં વેપારી અને માલ ગ્રાહકોની રાહ જોતા રહ્યાં !! ચીજોની ડિમાંડ ઘટી કારણ કે ખરીદ શક્તિની ખામી જોવા મળી. આ આર્થિક નીતિઓ વિશે લાંબી ચર્ચા થઈ શકે છે પરંતુ ટૂંકમાં સાર કહીએ તો છેલ્લા ત્રણ વર્ષમાં પ્રત્યેક વ્યક્તિની આવકમાં વૃદ્ધિ થઈ નથી અથવા ઈચ્છિત પ્રમાણમાં રોજગારી ઊભી નહીં થતાં તેની અસર બજારમાં મંદીમાં સ્વરુપે જોવા મળી. ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રી, સ્ટીલ ઈન્ડસ્ટ્રી, ને ખાસ અસર થઈ કેમ કે બજારમાં નવા વાહનોની ખરીદીમાં કમી જોવા મળી. જી.ડી.પી.નો સરળ અર્થ એ હોય છે કે એક નિર્ધારિત સમય ગાળામાં દેશમાં ઉત્પાદિત થતી ચીજવસ્તુઓ અને સેવાઓનું કૂલ મુલ્યમાં આયાત નિકાસની પણ ગણતરી થઈ જાય છે! જીડીપીના ભાવિ અનુમાનોને લગભગ બધી વૈશ્વિક સંસ્થાઓ એ અને ખુદ રિઝર્વ બેંકે ઘટાડ્યા છે એટલે અર્થએ નિકળે છે કે આપણી ધારણાઓ ઊંચી હોય છે તે સાચે ઈષ્ટ પરિણામો - મળવામાં વિઘ્નો નડી રહ્યા છે. અર્થકારણને રાજકારણ સાથે સીધી રીતે કંઈ બહુ સંબંધ નથી. જોબ ક્રિએશનમાં કમી છે. ઉપરાંત ચાલુ જોબમાં પણ અજંપો અનિશ્ચિતતા ઊભી થઈ છે. સરકારી તંત્રને કાર્યવંત વેગવાન કરવા લાખ પ્રયાસો છતાં પ્રમાદ, કામચોરી અને ભ્રષ્ટાચાર હટતા નથી ત્યાં જ ઘણી વેદનાઓ વસે છે.

દેશમાં કુદરતની કૃપા પારાવાર પુરતી અને અવિરત છે જ પરંતુ માનવીય અભિગમમાં ભારોભાર સ્વાર્ત, પ્રપંચ, લુચ્ચાઈ, દગો, અસત્ય, નિષ્ઠુરતા વ્યાપક હોવાથી આયોજન મુજબ કોઈ કામ થઈ શકતા નથી અથવા ખર્ચાઈ જાય છતાં તેનું અનુમાનિત ફળ સમાજને મળતું નથી. સરકારની નિયતમાં કોઈ ક્ષતિ શોધવાની વાત નથી છતાં એ કડવી હકીકત જોવા મળે છે કે દેશમાં રોજિંદા મુઝવતા પ્રશ્નો હલ થઈ શક્યા નથી! ટેક્સ કલેકશન ઘટી ગયું છે, નિકાસો વધતી નથી, વિવિધ નાના ઉદ્યોગોની હાલતમાં સુધારણા થતી નથી તો બીજી તરફ હવે છૂટક વ્યાપારના એકમોના ધંદા ઘટી ગયા કારણ કે ઓનલાઈન ખરીદી વધી છે કેમ કે તે લોકો ટેક્સ ભરણામાંથી છટકી જાય છે અથવા બજારમાં સ્પર્ધાત્મક રીતે વેપાર કરવામાં વધુ ભાગી રહ્યા છે. દિવાળીમાં બજારમાં ગ્રાહકોની શોધમાં સફળતા ઓછી મળી. ફટાકડા અને ગારમેન્ટમાં ૩૦ થી ૩૫ ટકા વેચાણ કમ થયું તો સોની બજારમાં પણ વ્યાપારીઓને નિરાશા જ મળી કેમ કે આટલા મોંઘા સોના કે ચાંદી માટે કોણ ખરીદવામાંથી પણ લોકો રૂચિ ઊઠી ગઈ પરિણામે મિઠાઈઓનાં ધંધામાં મંદી દેખાઈ હતી. કબર નથી પડતી લોકોને કે આર્થિક આયોજન કરી રીતે સફળ બનાવવું - તેનું મુખ્ય કારણ એ છે કે પરિવારદીઠ વિવિધ ખર્ચા અને પ્રમાણ વધતા જ જાય છે તો બીજી તરફ આવક વધતી નથી. ટેક્સટાઈલ્સ ક્ષેત્રમાં સ્થિતિ અતિ ખરાબ છે. દિવાળીની રોનકના પાયામાં આવક વૃદ્ધિ અવશ્ય હોય છે. હવે સરકાર માર્કેટમાં વેગ આપવા ખર્ચ કરે તે આર્થિક નીતિ છે. પરંતુ એવું થઈ શકતું નથી અને રાતોરાત બેકારીને હટાવી શકાય તેમ પણ શક્ય નથી. ટૂંકમાં બજેટ મુજબ જ રાષ્ટ્ર ચાલી શકતો નથી. વધતા એન.પી.એ.ના ડરના લીધે બેંખો મોટા ધિરાણોથી દૂર જ રહીને કામ કરતી હોવાથી 'કેશ કંચ' વ્યાપક રીતે જોવા મળે છે. દિવાળીમાં લોકો રોગચાળાના ભરડામાં પણ ફસાયેલા જોવા મળ્યાં ભાવવૃદ્ધિના ભરડામાં હવે મોબાઈલથી પણ પીડા થવા લાગી છે જેના કારણે બધા જ લોકો જાણે છે !!



જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

લોકજીવનમાંથી ઝમીર અને સચ્ચાઈ માટેનું ઝનૂન લુપ્ત થઈ ગયા હોવાથી બધા આત્મા વિનાના શરીર લઈને દોડતા રહે છે આ વાસ્તવિકતા છે. બધું જ સરકાર કરી ના શકે તેની પણ મર્યાદાઓ છે. પ્રામાણિકતા, નિષ્ઠા, દયા, માનવતા, પ્રેમ વગેરે તો તમામ જીવતા જીવો એ પ્રગટ કરવા પડે તો સામાજિક જીવન જીવવા જેવું બને જેને આપણે સંસ્કાર ઘડતર કહીએ છીએ. આર્થિક મોરચે ચર્ચા વગેરે બહુ થાય છે કેમ કે ત્યાં સરકારની ભૂમિકા બહુ મોટી અથવા મુખ્ય છે. માનનીય વડાપ્રધાન મોદીજી ડિપ્લોમસીના મામલે ઉત્કૃષ્ટ રહ્યા છે ઉપરાંત રાષ્ટ્રના નવા નિર્માણ માટે મક્કમ છે. તેમાં પ્રત્યેકને વિશ્વાસ છે ગર્વ પણ છે છતાં આંતરિક અર્થકારણમાં આપણે ક્ષીણ શા માટે થઈ રહ્યા છીએ તેની કોઈ વાત કરવામાં આવતી નથી ! ઉત્પાદન - મેન્યુફેકચરીંગ ક્ષેત્રે આપણે નીચે જતા રહ્યા છીએ આ વખતે કૃષિ ક્ષેત્રે ઘણી સમસ્યાઓ આવી રહી છે તેવું લાગે છે. સેવાકીય ક્ષેત્રમાં સરકારી માળખું નિષ્ફળ ગયું તેથી હવે ખાનગીકરણ પ્રવેશતું જાય છે. ડિઝિટલ ભારતમાં હવે જેમની પાસે નાણાં છે તે લોકો ઉપયોગ કરવાથી ડરી રહ્યા છે. તેથી જ બજારમાં સુસ્તી ઉદાસીનતા કે મંદી સ્પષ્ટ દેખાય છે. ભારતમાં બધું જ એક સાથે ચાલી રહ્યું છે, લોકો રાષ્ટ્રને માટે વિચારીને ત્યાગ કરે તેની મહત્તા છે કારણ કે સમયના તેજ પ્રવાહમાં સત્તાધારકો તો હંમેશા બદલાતા રહેશે. બેન્કીંગ ક્ષેત્રમાં વિલીનીકરણ ચાલી રહ્યું છે પરંતુ તેમની આર્થિક સક્ષમતા પહેલા જેવી લાવવામાં ખુબ સંઘર્ષ કરવો પડશે. એન.પી.એ. ના પાયામાં અપ્રમાણિકતા સૌથી મોટું કારણ છે. વિક્રમ સંવત ૨૦૭૬માં ભારતના તમામ લોકો તન-મન-ધનથી સુખી સંપન્ન થાય તે માટે શુભેચ્છાઓ અને નૂતન વર્ષમાં બધાં જવાબદારી સમજીને અન્ય માટે પણ જીવે તેવી આશા સાથે અસ્તુ !

**શેર આસ્વાદ :**

**ચાહુ ત્યારે ઘૂંટ ભરૂને ચાહુ ત્યારે ત્યાગ કરુ**
**મારુ તો એવું છે મારા ફાવે તેવા ભાગ કરુ**

**- અમૃત ઘાયલ**

# જીવતે જીવતા મોક્ષ પ્રાપ્તિ કરી શકાય એવું 'મુક્તિ ભવન'

**(ગતાંકથી ચાલુ)**

મુકિત ભવનમાં જે કોઈ લોકો મૃત્યુઈચ્છા અને મોક્ષની પ્રાપ્તી અર્થે જાય છે તેમાંથી કોઈને પણ મહાભારતના ભીષ્મની જેમ ઈચ્છામૃત્યુનું વરદાન મળ્યું હોતું નથી. તેઓને તો એક અંદેશો આવી ગયો હોય છે કે બસ, હવે ઘણું થયું, હવે પૂરું થયું બસ. મહાભારતનાં યુદ્ધ દરમ્યાન દસ દસ દિવસ સૂધી ભીષ્મ યુધ્ધ લડ્યા. પાંડવ સેનામાં હાહાકાર મચાવ્યો પણ પાંચ પાંડવોમાંથી એકને પણ હણી શક્યા નહિ ત્યારે ભીષ્મ વિચારે છે કે,

શકતોડહં ધનુષૈકેન નિહન્તુ સર્વપાણ્ડવાન
યધેષા ન ભવેદ ગોપ્તા વિષ્વડસેનો મહાબલઃ (ભીષ્મપર્વ. ૧૪૪.૩૧)

અર્થાત, હું આ બધા જ પાંડવોને એક માત્ર ધનુષ્ય દ્વારા મારી શકું એમ છું, જો મહાબળવાન વિશ્વકસેન ભગવાન તેઓનું રક્ષણ કરનાર ન હોય તો.

ભીષ્મએ દસ દસ દિવસ સૂધી જે રીતે યુધ્ધ કર્યું તે ચાલુ રાખ્યું હોત તો વધુમાં વધુ સંહાર કરી શક્યા હોત પણ પાંડવોનો વધ ના થઈ શક્યો હોત તો પછી એ યુદ્ધનો અંત કેવી રીતે આવે? એ સમયે તેમને પોતાના પિતાનું વરદાન યાદ આવે છે,

સ્વછન્દમરણ દતમવદયત્વં રણે તથા,
તસ્માન્મૃત્યુમહં મન્યે પ્રાપ્તકાલમિવાત્મનઃ (ભીષ્મ. ૧૧૪.૩૩)

અર્થાત, પોતે રણમાં-સંગ્રામમાં અવધ્ય રહેશે અને પોતાને ઈચ્છામૃત્યુ મળશે એવું પિતાએ વરદાન આપ્યું છે. હવે સ્વેછાએ મૃત્યુનો સ્વીકાર કરવાનો સમય આવી પહોંચ્યો છે.

ભીષ્મને લાગ્યું કે હવે મૃત્યુ આવી પહોંચ્યું છે તેથી તે મૃત્યુને પાછું ઠેલવા માંગતા ન હતા એ સમયે ઋષિઓ અને વસુઓએ આકાશવાણી કરીને ભીષ્મનાં નિર્ણયને સમર્થન આપ્યું ને સાથે સાથે એક આજ્ઞા પણ કરી કે -

યદ્રાદ બિદ્ધિ નિવર્તય (ભીષ્મ પર્વ ૧૧૪.૩૫)

અર્થાત, યુદ્ધમાંથી બુદ્ધિનું પરીવર્તન કરો. બીજા શબ્દોમાં કહીએ તો એ આજ્ઞા એવી હતી કે યુદ્ધમાંથી મન પાછું ખેંચી લો.

ભીષ્મની જેમ આપણાં સૌના જીવનમાં આ પ્રકારની વ્યર્થ ભૂમિકાઓ ક્યારેક રચાતી હોય છે. ભીષ્મને યુધ્ધમાંથી મન પાછું ખેંચી લેવાની જે આજ્ઞા આપવામાં આવી એ યુદ્ધનો સાંપ્રત સમયમાં અર્થઘટન કરીએ તો મહાભારત જેવુ યુદ્ધ જ નહિ પણ સાંસારિક કલેશ, ઝઘડા, મનદુઃખ, અણબનાવ જેવુ સંબંધોનું યુદ્ધ.

આ પ્રકારના યુદ્ધને મૃત્યુ પહેલા સુલઝાવવાનું કે તેમાંથી મન પાછું ખેંચી લેવાનું ભાગ્યે જ કોઈને સૂઝતું હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે મહાભારતનાં યુદ્ધમાંથી ભીષ્મએ કશું જ મેળવવાનું ન હતું એવી જ રીતે આપણે પણ કઈ જ મેળવવાનું નથી હોતું. આમ છતાં મૃત્યુ પર્યંત આપણે એ ચક્રવ્યૂહમાંથી બહાર આવવાનું વિચારતા પણ નથી.

કોઈપણ વ્યકિત પ્રત્યેની આપણી કડવાશ, અણગમો, અણબનાવ, અબોલા કે ઝઘડા પાછળ આપણે મોટેભાગે એવું માનતા હોઈએ છીએ કે એ બધા માટે સામેની વ્યકિતનો જ વાંક અને દોષ છે. આપણી આ માન્યતા હંમેશા સાચી ન પણ હોય શકે. ચાલો, બે ઘડી એવું માની લઈએ કે બંનેનાં સંબંધોમાં ભળેલી કડવાશ માટે સામેની વ્યકિત જ જવાબદાર છે તો પણ ગીતાજીનાં પેલા શ્લોકમાં કહ્યું એમ આપણે સૌ કોઈનાં અપરાધને સહ્ય ગણવા માટે, ક્ષમ્ય ગણવા માટે યોગ્ય છીએ તો પછી આપણાં સંબંધીઓને તેના અપરાધો ક્ષમ્ય ગણીને તેમાંથી મૂક્ત કરવા માટે આપણે જ વિચારવાનું રહ્યું. અપરાધીને કે ભૂલ કરનારને સાચા દિલથી ક્ષમા આપવાથી આપણાં મનમાં તે વ્યકિત વિષે બંધાયેલા બધા જ પૂર્વગ્રહો નષ્ટ થઈ જાય છે તેના થકી આપણાં વિખેરાયેલા સંબંધો પુનઃજીવંત થઈ શકે છે.

જો આપણાં પોતાના દોષ થકી સંબંધોમાં કડવાશ ઊભી થઈ હોય તો આપણે અર્જુનની જેમ જ કહેવું પડે કે ''યહસિ દેવ સોઢુમ''. ''આપ મારા અપરાધને સહ્ય ગણવા યોગ્ય છો''. સંબંધોનાં તણાવ માટે આપણે પોતે જ જવાબદાર હોઈએ તો આપણે જ સામે ચાલીને ક્ષમા માંગી લઈએ તો આપણાં વણઉકેલ્યા સંબંધો તો ઉકેલાઈ જશે, સાથે સાથે આપણું માન-સન્માન વધી જશે. આપણાં સંબંધીઓની દ્રષ્ટીમાં આપણે મૂડી ઊંચેરા સાબિત થઈ જશું.



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

કોઈ વ્યકિતના મૃત્યુ પછી ભાગ્યે જ તેના વિષે કોઈ અણછાજતું કે અણગમતું બોલતું હોય છે. આપણાં મૃત્યુ પછી પણ એવું જ થવાનું. આપણાં કોઈપણ સંબંધોમાં કડવાશ રહી ગઈ હશે તો પણ આપણાં મૃત્યુ પછી તેઓ આપણાં વિશે સારું જ બોલશે પણ કમનસીબે એ સારું સાંભળવા માટે આપણી હયાતી નહીં હોય. તેના કરતાં બહેતર છે, આપણી હયાતી દરમ્યાન જ એવું વાતાવરણ સર્જીને જઈએ કે કોઈ જ સ્નેહી-સંબંધી આપણાં વિષે આપણી હયાતી દરમ્યાન પણ ખરાબ ના બોલે, ખરાબ બોલવાનું વિચારે પણ નહી. આપણાં સંબંધોની એ જ સાચી સફળતા ગણાશે.

યુદ્ધમાંથી મનને પાછું ખેંચી લેવાનો ભીષ્મએ એકવાર સંકલ્પ કર્યો ત્યાર પછી શીખંડીની આડ પાછળ અર્જુન પણ ભીષ્મનાં બાણોનો સામનો કરવા લાગ્યા. એ સમયે જાણે યુદ્ધમાંથી સદંતર પોતાનું મન પાછું ખેંચી લીધું હોય એમ ભીષ્મએ અર્જુન પર બાણો છોડવાનું બંધ કરીને છેવટે અર્જુનનાં બાણથી ઘાયલ થઈ રણસંગ્રામમાં ઢળી પડ્યા. આમ યુદ્ધમાંથી મન પાછું ખેંચી લીધા પછી જ ભીષ્મએ પોતાનું મૃત્યુ માંગ્યું તો આપણાં જેવા પામર મનુષ્યનું ગજું કેટલું ?

આપણાં કડવાશભર્યા સંબંધોને સાથે લઈને આપણે સ્મશાનમાં રાખ થઈ જશું તો આપણાં આત્માને શાંતિ કે મોક્ષ મળશે કે નહીં તેના વિશે કહેવું મુશ્કેલ છે પણ જો સંબંધીઓ સાથે કડવાશ રાખીને આપણે મૃત્યુ પામશું તો એ સંબંધીઓનાં મન અને આત્માને તો જીવનભરનો ડંખ રહી જશે.

''મુક્તિ ભવન''માં મોક્ષ માટે આપેલા હજારો લોકોનાં જીવનમાંથી શીખવા મળતા કેટલાક પાઠોમાંથી એક મહત્વનો પાઠ ''મૃત્યુ પહેલા કોઈપણ વ્યકિત પ્રત્યેની કડવાશ મનમાંથી દૂર કરીને, સમાધાન કરીને, સુમેળભર્યા સંબંધો કરી લેવા''. આ શીખને આપણે સૌ જીવનમાં ઉતારીને અમલ કરી શકીએ તો, મૃત્યુ પછીની તો આપણને ખબર નથી પણ જીવતે જીવતા અવશ્ય મોક્ષ મળી જશે. આ રીતે જીવતે જીવતા મોક્ષ પ્રાપ્તિ આપણાં જ હાથની વાત છે. જીવતે જીવતા મોક્ષ પ્રાપ્ત કરવાનું મુક્તિ ભવન આપણાં પોતાના જ મન અને હૃદયમાં છે.

# ચાલવાથી શરીર સુધરે અને ચલાવી લેવાથી સંબંધ સુધરે...

**દુનિયાનો ભાર દિલથી ઉતારી દો,**
**નાનકડું જીવન છે હસીને વિતાવી દો !**

●●●

દિવાળી આવી ને ગઈ... ધનાઢ્યો Special Diwali Pakage Tourમાં દુનિયાની સહેલગાયે... Medium Class માદરે વતનમાં, ગરીબો ઠેરનાં ઠેર - ઘેર... હવે તો 'દિવાળી મિલન'નાં આયોજન થવા લાગ્ય છે. ઘેર-ઘેર જવાની 'ઝંઝટ' જ નહીં... એક ઠેકાણે એક સામટાં સહુને મળી લેવાનું ને ભેગા મળી જમી લેવાનું... લાગતાં-વળગતાં ને મોબાઈલ થકી શુભેચ્છાઓ ફોરવર્ડ કરી દેવાની.... પછી બસ છુટ્ટા...

દર વર્ષે ઉત્સવોનો ઠાઠ ને ઝાકઝમાળ વધતી જાય છે ને પોત પાતળું પડતું જાય છે. સાચે જ માણસ ઉપલકીયો બનતો જાય છે. સાંઈ મકંરદ દવેની ભાવના 'માનવી ભાળી અથમું અમથું ફોરે વ્હાલ' - આ માત્ર કવિકલ્પના જ રહી છે. ભલે વિજ્ઞાનના આવિષ્કારો થકી દુનિયા સાવ નજીક આવી ઊભી હોય પરંતુ માનવ-માનવ વચ્ચે અદૃશ્ય દિવાલો તો હજુયે અડીખમ ઊભી છે !! આજનો માણસ 'ભોળો' નથી. વધુને વધુ સ્માર્ટ બનતો જાય છે. એ નરી હકીકત છે!! ખેર ...'ફરી એકવાર ઉતાવળે આવીને ચાલી ગઈ દિવાળી...
જેવી આવી એવી જ ફાસ્ટ ફોરવર્ડમાં જતી રહી દિવાળી...
ચેવડાનો ડબ્બો એને ન્યાય મળે એની રાહ જોતો રહ્યો.
સુગર ફ્રી મિઠાઈનો ડબ્બો ફ્રિજનું ખાનું રોકી રહ્યો...
થીજી ગયેલા આઈસ્ક્રીમનું બોક્સ પણ ખૂલ્યું નથી...
જુદા જુદા ખાનાવાળા ડ્રાઈ ફ્રુટ્સ બોક્સને હવા સિવાય કોઈ સ્પર્શ્યુ નથી...
સાફસફાઈ દરમિયાન બાકી રહી ગયેલા એકાદ-બે ખાનાં વિચારતાં રહી ગયા...
મેરા નંબર કબ આયેગા... કહીને વ્યંગત કરી રહ્યા...
અકબંધ પડી રહેલી સાડીઓનો મૂડ પણ થોડો આઉટ હતો...
લાન્સ લાગશે મારે કયારે થોડોક એનેય ડાઉટ હતો...
ઘરના દ્વારા મુકેલું નવું પગલૂંછણિયું યથાવત સ્થિતિમાં રહી ગયું...
કેટલા વ્યસ્ત સંબંધો છે પરસ્પરના એય વિચારતું થઈ ગયું..
ફટાકડા તો આ વખતે સરનામું જ ભૂલી ગયાં...
ધુમાડો સ્વાસ્થ્ય માટે જ નહીં પોકેટ માટે પણ ખરાબ છે એ સમજાવી ગયા...

શું આ જ હતી દિવાળી ?'

એવા પડેલા ઘરમાં ખોવાઈ ગયેલી દિવાળી જો કોઈકને જડે તો સરનામું એને આપજો... મોબાઈલ પૂરતી જ રહેલી શુભેચ્છાઓને રૂબરૂ સ્થાન આપજો... નાનકડી મોબાઈલ સ્કીનમાંથી બહાર આવી ઝળહળાટ ભરેલી દિવાળી હોં... ફરી મળે એ જ પરિવાર... ફરીથી જીવનમાં એ જ ખુશાલી હો... દોસ્તો... પરિવર્તન સંસારનો નિયમ છે, આ સનાતન સત્યથી સૌ વાકેફ છે. સમય સાથે સંસારનો મિજાજ પણ બદલાતો હોય છે ઈચ્છા - અનિચ્છા એ સમયના વહેતા પ્રવાહમાં ભળવું પડે... તણાવું પડે નહિ તો નામશેષ થઈ જવાય.... કાળને કોણ અતિક્રમે !!

જગદ્ગુરુ શંકરાચાર્યે નિત્યનૂતન એવા શ્રીકૃષ્ણની ભાવવંદના કરતાં ગાયું છે;

'દિને દિને નવં નવં નમામિ નંદસંભવમ્' આપણા શાસ્ત્રો કહે છે - 'ક્ષણે ક્ષણે યન્નવતા મુમૈતિ તદેવ રૂપં રમણીયતાયા' અર્થાત્ હરપળે જે નવીનતા પામે છે તે જ સાચી રમણીયતા. 'નદી વેગેન શુદ્ધયતિ' - લોકબોલીમાં કહીએ તો 'વહેતાં જળ નિર્મળાં' વહેલું જળ શુદ્ધ રહે બંધિયાર ગંધાય... સતત વહેતા વહેણ થકી નદીની સ્વચ્છતા અને પવિત્રતા ટકી રહે છે... આપણા જીવનમાં પણ આંતર-બાહ્ય ગતિની આવશ્યકતા છે... એકવિધ જીવન કંટાળારૂપ લાગે... એકધારું... રગશિયું... ઘરેડબદ્ધ જીવાતું જીવન જડસું બને... આવી ઘરેડમાં ગોઠવાયેલા અનેકવિધ ગ્રંથિઓથી પીડાતા હોય છે.



લાગણીનો મેળો
રસિક વાળંદ

પરિવર્તન પામતા જગતમાં જાતનો બદલાવ ઈચ્છનીય જ નહીં જરૂરી છે. પ્રકૃતિ - પરમાત્મા નિત્યનૂતન છે એમ પંડને નિત્યનૂતન બનાવવી ઘટે !! તાજાં ખીલેલાં મધમધતા પુષ્પોની જેમ માનવપુષ્પ ખીલે તો જ પરમેશ્વરને ગમે !!

દર વરસે દિવાળી પણ આવશે ને નૂતનવર્ષ પણ... માત્ર ડાયરી - કેલેન્ડર તારીખિયું જ બદલાય પ...ણ... આપણે તો એવા ને એવાં જ... બસ એક જ વર્ષનું સો વરસ સુધી પુનરાવર્તન જ કર્યા કરવાનું ?! આ ન ચાલે... ન શોભે... અપડેટ અને અપગ્રેડ થતાં રહીએ... જીવનમાં વર્ષો નહીં વર્ષોમાં જીવન ઉમેરતાં થઈએ તો જ નવું વરસ કહવાશે...!!

**દોસ્તો... વર્ષ ભલે બદલાયું.**
**લાગણીઓ અકબંધ રહેશે !!**
**તમે ત્યાંથી શુભ લખો**
**અને**
**હું અહીંથી લાભ લખું...**

**સ્પર્શમણિ :**

સ્મિતની સોગાદ આપવી એ પણ માનવીની શ્રીમંતાઈ છે.

●●●

ચાલવાથી શરીર સુધરે અને ચલાવી લેવાથી સંબંધ સુધરે...